સત્યમેવ જયતે

**પ્રાચાર્ય**

ક્રમાંક : જિશિતાભ/P-M/Min/2023/ ૯૬૫૪૪-૫૦
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાલનપુર,
જિ. બનાસકાંઠા.
ફોન.: (02742)252397,266134
વેબસાઇટ : www.dietbk.org
ઇ-મેઇલ : dietbk_8@yahoo.com
તારીખ : **11-12-2023**

**પ્રતિ,**
નિયામકશ્રી,
જીસીઈઆરટી,
ગાંધીનગર.

**વિષય** : કાર્યક્રમ સલાહકાર સમિતિ મિનિટસ્ મોકલી આપવવા બાબત.
**સંદર્ભ** : માનનીય નિયામકશ્રી 18/11/2023ની સુચનાઅનુસાર.
**શ્રીમાન,**

આજ રોજ **તા.04-12-2023** ના રોજ **16.30** કલાકે કાર્યક્રમ સલાહકાર સમિતિની બેઠક સભાખંડ કલેકટર કચેરી.પાલનપુર,જિ. બનાસકાંઠા મુકામે **માનનીય અધિક નિવાસી કલેકટર સાહેબશ્રીના અધ્યક્ષ સ્થાને** રાખવામાં આવી હતી, જેમાં કાર્યક્રમ સલાહકાર સમિતિના સભ્યોશ્રીઓ હાજર રહ્યા હતા. બેઠક નિયત એજન્ડા મુજબ શરૂ કરવામાં આવી હતી.

- અધિક નિવાસી કલેકટર સાહેબશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ડીસ્ટ્રીકટ પ્રોજેકટ કો. ઓર્ડીનેટરશ્રી (SSA અને RMSA), તકેદારી કચેરીના પ્રતિનિધિશ્રી,આદિજાતિ કલ્યાણ વિભાગ કચેરીનાં પ્રતિનિધિશ્રી, જિલ્લા પછાત વર્ગ કલ્યાણના પ્રતિનિધિશ્રી,પ્રોગ્રામ ઓફિસરશ્રીના પ્રતિનિધિશ્રી, મહિલા બાળ કલ્યાણ વિભાગ પાલનપુર, નિયામકશ્રી, સઘનક્ષેત્ર ચિત્રાસણી તા. પાલનપુર,સિનિયર અને જુનિયર લેકચરર, લિએઝન ઓફિસરશ્રી સદર કચેરી,તાલુકા બી.આર.સી.કો.ઓ. તમામ, લુદરા,સી.આર.સી.કો.,મુ.શિ. અને સૌ સમિતિના સભ્યશ્રીઓની હાજરીમાં નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ હતી.
- સૌપ્રથમ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી દ્વારા બેઠકમાં ઉપસ્થિત સર્વે સભ્યોનું શાબ્દિક સ્વાગત કર્યું અને સર્વ સભ્યોએ એકબીજાનો પરિચય આપ્યો. ત્યારબાદ સભ્યસચિવ દ્વારા કાર્યક્રમ સલાહકાર સમિતિની રચનાનો ઉદ્દેશ અને તેની કામગીરીથી સર્વે સભ્યોને વાકેફ કર્યા. શિક્ષણને ગુણવત્તાસભર કઇ રીતે બનાવી શકાય તે બાબતે સમજાવવામાં આવ્યું. અને તેની ચર્ચા કરવામાં આવી
- સમગ્ર કાર્યક્રમોનું પ્રેઝ્ન્ટેશન પી.એન્ડ એમ.શાખાના ઇ.ચા. સિ.લેકચરરશ્રી ડાં.જે.એ.દેસાઇ દ્વારા કરવામાં આવ્યું હતું સંસ્થાના લેકચરરો દ્વારા ગત બેઠકમાં જે ચર્ચા વિચારણા થઈ હતી તેની કાર્યવાહીની તમામ સભ્યોને જાણકારી આપી અને કાર્યવાહી અંતર્ગત જે અમલ થયો તેની ચર્ચા કરવામાં આવી.
- જી.સી.ઇ.આર.ટી.ના વાર્ષિક આયોજન અંતર્ગત મુકેલ તાલીમી કાર્યક્રમો જેવાં કે બાલવાટિકા તાલીમ,એફ.એન.એલ. અંતગર્ત આંગણવાડી તાલીમ, દીક્ષા,ઇનોવેશન,ઇનોવેટિવ પેડાગોજી,ગેસ-પ કઠિન અધ્યયન નિષ્પત્તિઓની સરળીકરણ, સ્થાનિક વ્યવસાયકારો, દસ દિવસ દફતર વિનાનું શિક્ષણ,રમકડા મેળા ઘરે શીખીએ, બાળમેળા,ઇકોકલબ,વિજ્ઞાનમેળા,સ્થાનિક લોક્બોલી વગેરે તાલીમી કાર્યક્રમો વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી અને સૌની સંમતિએ બજેટ મંજૂર કરવામાં આવ્યું.
- આ વર્ષ:- 2024-25 માં યોજનાર તાલીમ કાર્યક્રમો માટે 18.00,સંશોધન માટે 2.00 અને ફેકલ્ટી ડેવલપમેંટ 2.00 લાખની મર્યાદામાં રહીને કાર્યક્રમો યોજવામાં આવશે.

- ડાયટના લેબ એરિયા તરીકે જયાં શૈક્ષણિક ગુણવત્તાનો સ્તર નીચે છે તેવા અમીરગઢ તાલુકો અને ગણેશપુરા,પાલનપુરનો વિસ્તાર પસંદ કરેલ છે.
- આ વર્ષે ડાયટ દ્વારા જે જે તાલીમ કાર્યક્રમોનું આયોજન થાય તેમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને સંકલન અને મોનીટેરીંગ કરવા જણાવવામાં આવ્યુ અને શાળાકક્ષાએ તમામ શિક્ષકો તાલીમ મેળવે તે અંગે ચર્ચા કરવામાં આવી.
- આ વર્ષ સ્થાનિક લોકબોલીની તમામ શિક્ષકોને તાલીમ આપવાની સૂચના આપવામાં આવી અને આંગણવાડીઓને વધારે સશકત બનાવાની ચર્ચા કરવામાં આવી હતી
- જી.સી.ઈ.આર.ટી.દ્વારા દ્વારા ઇનોવેશન ફેસ્ટીવલ, રમકડાં મેળા, કલા ઉત્સવ,બાળમેળા, વિજ્ઞાનમેળા, દૂરવર્તી શિક્ષણ (બાયસેગ) (ધો.6 થી 8 અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન વિષયો માટે), ઈકોકલબ અને અન્ય કાર્યક્રમો જી.સી.ઈ.આર.ટી.ના માર્ગદર્શન નીચે જિ.શિ.તા.ભવન દ્વારા યોજવામાં આવનાર છે. તેની ચર્ચા કરવામાં આવી અને સર્વે સભ્યશ્રીઓને કાર્યક્રમોથી માહિતગાર કરવામાં આવ્યા.
- માનનીય અધ્યક્ષશ્રી દ્વારા ડાયટની કામગીરીને બિરદાવવામાં આવી હતી અને શાળા કક્ષાએ કવોલીટી પર ભાર મૂકવા જણાવેલ હતું તેમજ એસ.એમ.સી.નાં સભ્યોને સાક્ષરતાની તાલીમ આપવા અંગે સૂચન કર્યુ હતું સાથોસાથ ડાયટ દ્વારા થયેલ સંશોધનો અને ઇનોવેશન કાર્યક્રમોને નીચલા સ્તર સુધી લઇ જવા માટે સૂચન કર્યું હતું.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું વાર્ષિક આયોજન-૨૦૨૪-૨૫ આયોજનમાં સભ્યો દ્વારા સ્કૂલ ઓફ એકસેલેન્સ શાળા પ્રોજેકેટ/ટ્રાયબલ એરિયા,આદિવાસી બોલી અને ધોરણવાર કઠિન નિષ્પત્તિઓ આધારિત સરળીકરણી જેવા કાર્યક્રમોની અસરકારકતા અંગેની વિગતવાર સભ્યસચિવશ્રી દ્વારા દશાવવામાં આવી.

અંતે સૌનો આભાર માની 18.00 કલાકે બેઠક પૂર્ણ કરી અને જયારે જયારે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે સભ્યોની જરૂરિયાત ઊભી થાય ત્યારે સાથ સહકાર આપવા સભ્યોને જણાવવામાં આવ્યું. સભ્યોએ આ બાબતે સંમતિ દર્શાવી.

આપનો વિશ્વાસુ

(ડો.ડી.આર.બ્રાહમણ)
પ્રાચાર્ય
અને સભ્ય સચિવ
કાર્યક્રમ સલાહકાર સમિતિ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
બનાસકાંઠા- પાલનપુર

**નકલ સવિનય રવાના જાણ સારુ :**

(૧) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એસ.એસ.એ. મિશનની કચેરી, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., 'વિધાભવન' સેકટર-૧૨, ઘ-૪ સર્કલ પાસે, ઉધોગ ભવન સામે, ગાંધીનગર
(3) નિયામકશ્રી, પ્રા.શિ., ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, પહેલા માળે, ગાંધીનગર
(૪) સચિવશ્રી, જી.સી.ઈ.આર.ટી., 'વિધાભવન' સેકટર-૧૨, ઘ-૪ સર્કલ પાસે, ઉધોગ ભવન સામે, ગાંધીનગર
(૫) રીડરશ્રી, આયોજન અને વ્યવસ્થાપન શાખા, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર.
(૬) લિએઝન ઓફિસરશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બનાસકાંઠા, પાલનપુર, રીસર્ચ એસોસિએટ, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર.